ફીચાર્જે એક્સિસ બેંક દ્વારા પાવર્ડ ડિજિટલ ક્રેડિટ કાર્ડનાં સેગમેન્ટમાં પ્રવેશ કર્યો



અમદાવાદ: એકવીસમી સદીની યુવા પેઢી સુધી પહોંચવા નાણાકીય સેવાઓ માટે અગ્રણી ડિજિટલ પ્લેટફોર્મમાંનાં એક ફીચાર્જેઆજે ભારતમાં ખાનગી ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી બેંક એક્સિસ બેંક દ્વારા પાવર્ડ એનાં સૌપ્રથમ ડિજિટલ ક્રેડિટ કાર્ડ લોંચ કરવાની જાહેરાત કરી હતી. કાર્ડ ડિજિટલ નેટિવ્સને ધિરાણની સરળ ઉપલબ્ધતા માટે સક્ષમ બનાવે છે, જે તાત્કાલિક અને સરળ અનુભવ પ્રદાન કરે છે, ત્યારે ફ્લેક્સિબલ અને સુરક્ષિત પણ છે.

ડિજિટલ ક્રેડિટ કાર્ડ ખાસ કરીને મહત્ત્વાકાંક્ષી યુવા પેઢી માટે બનાવવામાં આવ્યું છે, જેઓ તેમની ઘણી વાર કારકિર્દીની શરૂઆત કરતાં હોય છે. આ કાર્ડ તેમને સરળ અને તાત્કાલિક સુલભતા આપે છે, ત્યારે ઓન-ધ-ગો તાત્કાલિક રોકડ ઉપલબ્ધ કરાવે છે અને તેમને તેમનાં સૌથી સંસાધનોનો સૌથી વધુ ઉપયોગ કરવામાં મદદ કરે છે.

આ લોંચ પર ફીચાર્જનાં સીઇઓ શ્રી સિદ્ધાર્થ મહેતાએ કહ્યું હતું કે, ''ફિન્ટેક સ્પેસમાં દરેક પરિવર્તન થાય છે અને અમે એમાં મોખરે રહેવા ઇચ્છીએ છીએ. અમે યુવાન ગ્રાહકને જરૂરી લાભ થાય એવા ઉત્પાદનો અને સોલ્યુશન રજૂ કરવાનું જાળવી રાખીશું, જે તેમનાં રસ અને લગાવ પર આધારિત છે. આ સેગમેન્ટમાં અમારો પ્રવેશ ધિરાણની સરળ ઉપલબ્ધતાની આવશ્યક જરૂરિયાતો દ્વારા સંચાલિત છે, જે યુવાનોને તાત્કાલિક અને સ્વતંત્ર નિર્ણયો લેવાની સુવિધા આપે છે. એક્સિસ બેંકનાં સપોર્ટ સાથે અમને મોટી સંખ્યામાં ગ્રાહકો સુધી પહોંચવાનો અને તેમને શ્રેષ્ઠ સેવાઓ પ્રદાન કરવાનો વિશ્વાસ છે.'' (૧)

ફરી એક વાર સુપરમુનની જાહેર જનતાની માગ રસલને ભારતમાં લઈ આવી

અહમદાબાદ: લાગે છે કે મધર શિપ પોતાના પ્રિય એવા ઓલ બોય 'રસલ'થી વધુ સમય સુધી દૂર રહી શકે નહી કે પોતાના 'દેશી' ચાહકોને આનંદ કરાવવાથી વધુ લાંબો સમય રહી શકે નહી. કોમેડી સુપરસ્ટાર રસલ પીટર્સ પોતાની ભારે સફળ 'ડિપોર્ટેડ વર્લ્ડ ટૂર'ની પરતગીના ભાગરૂપે ઓક્ટોબરમાં પરફોર્મ કરવા માટે ભારત આવી રહ્યા છે.

આ પ્રસંગ ઘણા અર્થમાં ઓચિંતો છે કેમ કે પીટર્સ જૂન ૨૦૧૯માં જ અહીં હતા અને ઝી લાઇવ સુપરમુનની પ્રથમ આવૃત્તિના સેલઆઉટ શોમાં દર્શકોને ભારે રમૂજ કરાવી હતી. બેંગલોર, દિલ્હી અને મુંબઇ એમ ત્રણ સ્થળે યોજાયેલી ઇવેન્ટમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી, અને આ પરિબળો ફરી પાછા એકઠા થયા છે પરંતુ તે તદ્દન નવા શહેરોમાં યોજાશે.

તાજેતરમાં જ રોલીંગ સ્ટોન દ્વારા યોજાયેલા 'પ૦ બેસ્ટ કોમિક્સ ઓફ ઓલ ટાઇમ'ના એમ્મી, જેમિની અને પીબોડી એક શોની તાજેતરમાં જ જાહેરાત થઇ છે જે એવોર્ડ વિનીંગ ઇન્ડો-કેનેડીયન સુપરસ્ટાર તેની 'ડિપોર્ટેડ વર્લ્ડ ટુર'ના છેલ્લા ચરણમાં હોય તેમ લાગે છે. આ સુપરમુનના બીજા તબક્કામાં તેઓ પૂણે ખાતે ૧ ઓક્ટોબર ૨૦૧૯, અમદાવાદ ખાતે ૪ ઓક્ટોબર ૨૦૧૯ અને ૬ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ હૈદરાબાદ ખાતે પરફોર્મ કરશે. (૧૯-૧)

પ્રધાનમંત્રીએ 'મન કી બાત'માં જણાવ્યું હતું

'મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૧ થી જ સિંહોની સંખ્યામાં વધારો થયો'

જન્માષ્ટમી પર્વના બીજા દિવસે અને પર્યુષણ પર્વના આગળના દિવસે દેશના પ્રધાનમંત્રીએ 'મન કી બાત'માં સિંહોની સંખ્યા અંગેના જુઠ્ઠાણાનો પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદી સને ૨૦૦૧માં સિંહોની સંખ્યામાં તેઓ સત્તા સ્થાને આવ્યા પછી જ વધારો થયો છે તે વાત સત્ય નથી.' ૧૪મી લાયન પોપ્યુલેશન એસ્ટીમેશન રીપોર્ટ ૨૦૧૫ના પાના નં. ૯ ઉપર સને ૧૯૩૬ થી ૨૦૧૫ સુધીના વર્ષ વાર સિંહોની સંખ્યામાં સને ૧૯૬૮ થી ૨૦૧૫ સુધી દરેક વર્ષે સિંહોની સંખ્યામાં સતત વધારો થયો છે અને ૧૯૬૮ પછી એક પણ વર્ષમાં સિંહની સંખ્યામાં ઘટાડો થયો નથી. એશીયાની શાન સમાન સિંહોની ગણતરી ગુજરાત વન વિભાગ દ્વારા આધુનિક પધ્ધતિથી કરવામાં આવે છે. આ અહેવાલ રાજય સરકારની સત્તાવાર વેબસાઈટ ઉપર ઉપબલ્ધ છે ત્યારે 'મેં કર્યું... મેં કર્યું' અને અગાઉ કોઈ કામ નથી થયું તેવી માનસિકતામાં રાચતા વ્યક્તિ કોઈ કરી શકે, પરંતુ ભારત દેશના પ્રધાનમંત્રી સત્તાના માધ્યમથી સિંહોની સંખ્યા બાબતે જુઠ્ઠાણાં ભર્યા નિવેદનો કરે તે કેટલા અંશે વ્યાજબી ?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ઓળખ સમાન સિંહોના માટે સરકારે જેટલી ગંભીરતા દાખવવી જોઈએ તેટલી ગંભીરતા ઓછી જોવા મળી છે. 'ગેરકાદેસર લાયન શો', 'ગેરકાયદેસર વન વિસ્તારમાં રહેણાંક', 'ગેરકાયદેસર ખનન' જેવી અનેક પ્રવૃત્તિઓના કારણે સિંહોના અને સિંહોના પરિવાર ઉપર જોખમ ઉભુ થયું છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૩૦૨ સિંહોના મૃત્યુ થયા છે. ૧૮૨ સિંહ બાળ મૃત્યુ થયા છે. થોડા સમય પહેલા સિંહોના જે રીતે મૃત્યુ થયા તે અંગે નામદાર વડી અદાલતે સરકારને તાત્કાલીક ફટકાર લગાવી હતી. એશીયાટીક લાયન ગુજરાત અને સમગ્ર દેશનું ગૌરવ છે ત્યારે સરકારી ગીર અભયારણ હોય કે અન્ય અભયારણ હોય તેમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઉપર રોક લગાવવી જોઈએ.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

ભારત-પાકિસ્તાનના તણાવ વચ્ચે ફરી શરૂ કરાઈ પુંછ-રાવલકોટ બસ સર્વિસ

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરના પુંછ અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આવેલા રાવલકોટ વચ્ચે પૈગામ-એ-અમન બસ સેવા સોમવારે ફરી શરૂ કરાઈ છે. આ બસ સેવા એક સપ્તાહથી બંધ હતી. ત્યારબાદ સેવા ફરી શરૂ કરાતા ૪૬ ફસાયેલા લોકો પોતાના ઘરે જવા માટે રવાના થયા હતા. જેમાં ૪૦ લોકો પીઓકેના હતા. આ બસ સેવાને ૧૯ ઓગસ્ટે રદ કરી દેવાઈ હતી. કારણ કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના અધિકારીઓએ બસને નિયંત્રણ રેખાની પેલે પાર મોકલવા અંગે ભારતીય અધિકારીઓને કોઈ જવાબ આપ્યો ન હતો. મહત્વનું છે કે સપ્તાહના દર સોમવારે અપાતી આ બસ સેવા પાકિસ્તાનની તરફથી વારંવાર કરવામાં આવતા સંઘર્ષવિરામ ઉલ્લંઘનના તણાવની વચ્ચે પણ બંધ નહોતી થતી.પુંછ જિલ્લા વિકાસ અધિકારી રાહુલ યાદવે કહ્યું કે, 'પૈગામ-એ-અમન'બસ સર્વિસ શરૂ થઈ ગઈ છે. સોમવારે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના ૪૦ અને ૬ ભારતીય યાત્રીઓ પોત પોતાના ઘરે જવા માટે રવાના થઈ ગયા છે. તેમણે કહ્યું કે, ઈદ-ઉલ-અલહા સાથે એક સપ્તાહ પહેલા પોતાના સગા સંબંધીઓને મળવા જમ્મુ કાશ્મીરના પુંછમાં આવેલા બે યાત્રિઓના પરિમટ પુરા થવાના છે. આ બસ સેવા એક સપ્તાહથી બંધ હતી. ત્યારબાદ સેવા ફરી શરૂ કરાતા ૪૬ ફસાયેલા લોકો પોતાના ઘરે જવા માટે રવાના થયા હતા.

સાબરકાંઠામાં મહેસૂલી કર્મીઓએ પડતર માગણીઓ મુદ્દે ધરણાં યોજી વિરોધ કર્યો

હિંમતનગર, સાબરકાંઠા સહિત ગુજરાતમાં વિવિધ કચેરીઓમાં મહેસુલ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓના સત્તરથી વધુ પડતર પ્રશ્નો અંગે નિરાકરણ ન આવતા આ કર્મચારીઓના યુનિયનો દ્વારા અનેક કાર્યક્રમો આપીને સરકારને જગાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સોમવારે સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં મહેસુલી કર્મચારીઓએ ધરણા પ્રદર્શન યોજીને સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. પડતર પ્રશ્નો અંગે નિરાકરણ ન આવતા કર્મચારીઓ આંદોલનના મૂડમાં છે ત્યારે મહેસુલી કર્મચારીઓની સામુહિક રજાના પગલે અરજદારો રઝળી પડયા હતા. મહેસુલ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓની વેતનમાં અસમાનતા, બઢતીમાં અન્યાય તથા બદલી સહિતના પ્રશ્નો અંગે સરકારમાં મહેસુલી કર્મચારી મંડળીઓએ અનેક વખત રજૂઆતો કરીને આવેદનપત્ર આપી પડતર પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ માગણીઓ પરત્વે હકારાત્મક અભિગમ દાખવવા માટે કરેલા પ્રયાસોને હજુ સુધી કોઇ સફળતા મળી નથી. જેથી રાજય મહેસુલી કર્મચારી મંડળ દ્વારા જયાં સુધી તેમની માગણીઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી વિવિધ કાર્યક્રમો આપવાનું નક્કી કર્યુ હતું. જેના ભાગરૂપે તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા મહેસુલી કર્મચારીઓ દ્વારા હિંમતનગર ખાતે ધરણાનો કાર્યક્રમ યોજી સૂત્રોચ્ચાર પોકાર્યા હતા અને આવેદનપત્ર આપ્યુ હતું, કર્મચારીઓએ યુનિયનના આદેશ મુજબ માસ સીએલ પર જઇને કામકાજથી અળગા રહ્યા હતા બીજી તરફ છેલ્લા કેટલાય દિવસથી સરકારી કચેરીઓમાં તહેવારોના કારણે રજા હોવાથી અરજદારો કામ માટે સોમવારે જિલ્લા સેવા સદન કચેરી ખાતે આવી પહોંચ્યા હતા પરંતુ માસ સીએલ પર હોવાથી તેમને ધક્કો પડયો હતો.

રાજ્યની તમામ બી.એડ કોલેજોને ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડવાની તૈયારી

અમદાવાદ, રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી સરકારી બી.એડ કોલેજો કે જેને ડાયેટ કહેવામાં આવે છે તેને હાલ ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવી છે. સરકારી કોલેજના કર્મચારીઓ આ મુદ્દે વિરોધ કરવા પ્રયાસ કર્યો હોવાછતાં સરકારે તમામ ડાયેટ કોલેજોને ગાંધીનગરની ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવી છે. હવે આગામી દિવસોમાં ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર બી.એડ કોલેજોને પણ ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવશે. આ પ્રક્રિયામા સામાન્ય વિરોધ થયો હતો. હાલમાં તમામ સરકારી કોલેજોને જોડી દેવામાં આવી છે.

હવે આગામી દિવસોમાં સ્વનિર્ભર અને ગ્રાન્ટેડ બી.એડ કોલેજોને પણ જોડવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. સરકાર સામાન્ય પ્રક્રિયાની જેમ આ કાર્યવાહી પૂર્ણ કરવા માંગે છે પરંતુ તેની પાછળનો ઉદ્દેશ્ય ગુજરાતની યુનિવર્સિટીઓમાંથી કોંગ્રેસ પ્રેરિત સભ્યોનુ વર્ચસ્વ ખતમ કરવાનો છે. રાજ્યમાં કુલ ૨૦ સરકારી બી.એડ. કોલેજો હાલમાં જુદી જુદી ૯ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલી છે. આ ઉપરાંત એક સરકાર એમ.એડ કોલેજ પોરબંદરમાં આવેલી છે. સરકાર દ્વારા પણ આ પ્રકારના જોડાણને પ્રાથમિક મંજુરી આપી દેવામાં આવી છે. રાજ્યમાં ટીચર્સ યુનિવર્સિટીની સ્થાપના એક દાયકા પહેલા કરવામાં આવી હતી.

મુસાફરો ભરેલા બે વાહનો પર ટ્રક પલટાતા ૧૬નાં મોત, પાંચ ઘાયલ

શાહજહાંપુર: ઉત્તરપ્રદેશના શાહજહાંપુર જિલ્લામાં મંગળવારે સવારે બનેલી દુર્ઘટનામાં ૧૬ લોકોના મોત થયા છે, જ્યારે પાંચ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં તમામ પુરુષો છે. આ દુર્ઘટના રોજા પોલીસ સ્ટેશન વિસ્તારના જમુકા ખાતે બની છે. જેમાં એક ટ્રક પુર ઝડપે આવી રહ્યો હતો પરંતુ અચાનક સામે મુસાફર ભરેલો એક ટેમ્પો આવી ગયો હતો. ટ્રક ચાલકે બ્રેક લગાવવાનો પણ પ્રયાસ કર્યો, પણ ટેમ્પો ઘસડાતા રસ્તાના કિનારે ઊભા રહેલા વાહન પર પલટી ખાઈ ગયો. આ વાહનમાં પણ લોકો સવાર હતા. તંત્રએ દુર્ઘટનામાં ઘવાયેલા યાત્રિઓની બચાવ કામગીરી શરૂ કરી છે. સાથે જ ગ્રામ્યજનોની મદદથી લાશોને બહાર કાઢવામાં આવી રહી છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા પ્રમાણે, રોજા પોલીસ સ્ટેશન વિસ્તારના લખનઉ- દિલ્હી હાઈવે પર મંગળવારે સવારે અંદાજે દસ વાગે એક ખાલી ટ્રક પુર ઝડપે જઈ રહ્યો હતો પરંતુ જમુકા દોરાહે પર અચાનક સામેથી મુસાફરો ભરેલો એક ટ્રક આવી ગયો. ટ્રક ચાલકે બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો પણ ટેમ્પો ઘસડાઈને રસ્તાના કિનારે ઊભેલા મૈજિક વાહન પર પલટાયો.

નૌકાદળના વડાની ચેતવણી: જૈશના ત્રાસવાદીઓ સમુદ્રમાર્ગે દેશમાં હુમલો કરી શકે

પુણે: નૌસેના પ્રમુખ એડમિરલ કરમબીર સિંહે સોમવારે આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અંડર વોટર એટેકની તૈયારી કરી રહ્યું હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, જૈશ તેના આંતકીઓને ટ્રેનિંગ આપી રહ્યો છે. પરંતુ આપણી ભારતીય સેનાના દરેક પ્રકારના હુમલાઓનો સામનો કરવા માટે તૈયાર છે. સાથે જ પાકિસ્તાન અને ચીનના હવાઈ અભ્યાસ પર એરફોર્સ નજર રાખી રહી છે.

એડમિરલ કરમબીર સિંહે કહ્યું કે, ૨૦૮માં થયેલા ૨૬/૧૧ હુમલા બાદ અમે દરિયાકાંઠાની સુરક્ષામાં વધારો કરી દીધો છે. હવે વોટર વેથી કોઈ ઘુસણખોરી કરી શકે તેમ નથી. સિંહને જયારે બજેટની ફાળવણી વિશે પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે, બજેટના કારણે અમારે પ્લાનિંગમાં થોડા ફેરફાર કરવા પડશે. બજેટના કારણે જ અમે અમુક હદ સુધી સિમિત છીએ.

હિંદ મહાસાગરમાં નેવીની સેના ચીની સૈનિકોની હિલચાલ પર નજર રાખી રહી છે. અમે હિન્દ મહાસાગર વિસ્તારમાં વિકાસ કાર્યો પર ધ્યાન આપી રહ્યાં છીએ. ચીન એક વૈશ્વિક શક્તિ બનવા માગે છે, જેથી તે આ ક્ષેત્રમાં આવશે.

સાંકેતિક કબ્જા નોટિસ

ICICI Bank
ICICI Bank Limited

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા - ૩૯૦૦૦૭
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.
બ્રાન્ચ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લી., ઓફિસ નંબર ૨૦૧-બી, રજો માળ, રોડ નં.૧ પ્લોટ નં.- બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર- ૪૦૦૬૦૪

આથી સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવિલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	હરીકૃપા ટ્રેડીંગ કં./જિતેન્દ્ર કુમાર હંસરાજભાઈ રૂપારેલીયા- પાર્ટનર એન્ડ ગારંટર/ અતુલકુમાર હંસરાજભાઈ રૂપારેલીયા- પાર્ટનર એન્ડ ગારંટર/મનીષાબેન અતુલભાઈ રૂપારેલીયા- સ્પાઉસ ઓફ પાર્ટનર એન્ડ ગારંટર/જાગૃતિ જિતેન્દ્રકુમાર રૂપારેલીયા- સ્પાઉસ ઓફ પાર્ટનર એન્ડ ગારંટર/રમેશભાઈ રામજીભાઈ રૂપારેલીયા- જામીનદાર અને પ્રોપર્ટી પ્રોવાઇડર-૦૪૮૬૦૫૦૦૬૫૧૮.	૩) મિલકત સરનામું : પ્લોટ નં. ૮૫, શ્યામ નગર, ડેકોરા સિટી પાસે, ગુન્ડાલા રોડ, ગોન્ડલ- ૩૬૦૩૧૧/૨૩ ઓગષ્ટ, ૨૦૧૯.	૨૭ માર્ચ, ૨૦૧૯ રૂ. ૧,૫૭,૩૬,૭૨૨.૮૪/-	ગોન્ડલ

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૯-૦૮-૨૦૧૯
સ્થળ : ગોન્ડલ

સહી/-
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

RBIનું ધન કબ્જે કરવાથી કામ નહિ ચાલે, સરકારને સમાધાન મળતું નથી : રાહુલ ગાંધી

નવી દિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે કહ્યું કે વડાપ્રધાન અને નાણાંમંત્રી આર્થિક સંકટનું સમાધાન શોધી શકતા નથી. રાહુલે સરકાર પર RBIનું ધન કબ્જે કરવાનો આરોપ લગાવ્યો હતો. RBIએ બિમલ જાલાન કમિટીની ભલામણો માનીને કેશ સરપ્લસમાંથી ૧.૭૬ લાખ કરોડ રૂપિયા સરકારને ટ્રાન્સફર કરવા માટે સોમવારે મંજૂરી આપી હતી. રાહુલે આ મુદ્દા પર સરકાર પર નિશાન સાધ્યું હતું. રાહુલે RBIલૂટેડ હેશટેગનો ઉપયોગ કરીને લખ્યું- RBIનું ધન હડપવાનો ઉપાય કામ નહીં આવે. આ ડિસ્પેન્સરીમાંથી બેન્ડ-એડ ચોરીને ગોળી લાગેલા ઘા પર લગાવવા જેવું છે. કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વિટ કર્યું- આ રહસ્યમય સંયોગ છે અથવા સુનિયોજિત ષડયંત્ર કે RBIથી લેવામાં આવેલા ૧.૭૬ લાખ કરોડ રૂપિયા ભાજપ સરકાર દ્વારા જાહેર કરાયેલા બજેટની 'ગાયબ' રકમ જેટલા છે ? શું આ રકમ ભાજપના દેવાદાર શ્રીમંત મિત્રોને બચાવવા માટે લેવામાં આવી છે ? શું આ આર્થિક સમજદારી છે ?

૧૯૮૨ના બેચના આઈએએસ અધિકારી છે

કેન્દ્રીય ગૃહ સચિવ રાજીવ ગાબાને નવા કેબિનેટ સચિવ બનાવવામાં આવ્યા

ન્યુ દિલ્હી: કેન્દ્રીય ગૃહ સચિવ અને ૧૯૮૨ના બેચના આઈએએસ અધિકારી રાજીવ ગાબાને કેન્દ્રના નવા કેબિનેટ સચિવ બનાવવામાં આવ્યા હતા. અજય કુમારને સંરક્ષણ સચિવ બનાવવામાં આવ્યા હતા.

આ બંને અધિકારી ૩૦ ઑગસ્ટથી બે વર્ષ માટે આ હોદ્દા પર રહેશે. અત્યાર અગાઉ પી કે સિંહા કેબિનેટ સચિવ હતા જે આ હોદ્દા પર છેલ્લાં ચાર વર્ષથી સક્રિય રહ્યા બાદ એક્સટેન્શન પર કામ કરી રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્રીય પસંદગી સમિતિએ આ નિમણૂકને બહાલી આપી હતી.

પી કે સિંહાને નિયમોની વિરુદ્ધ જઈને સરકારે એક્સેટેન્શન આપ્યું હતું. ગાબા આમ તો થોડા સમયમાં નિવૃત્ત થવાના હતા. પરંતુ એમને કેબિનેટ સચિવ બનાવાયા એની પાછળ સરકારની કોઇ ગણતરી હોવાની ગુસપુસ થઇ રહી હતી. તાજેતરમાં જમ્મુ કશ્મીરનો ખાસ દરજ્જો રદ કરવાની કામગીરીમાં ગાબાએ પોતાની કાબેલિયત કામે લગાડી હતી. એ સ્વભાવે એકદમ શાંત, સૌમ્ય અને વિવાદોથી દૂર રહેનારા અધિકારી ગણાય છે. નિવૃત્તિકાળ નજીક હોય એવા કોઇ અધિકારીને કેબિનેટ સચિવ બનાવવાનો આ પ્રથમ અવસર છે એમ જાણકાર વર્તુળોએ કહ્યું હતું. આ બંને અધિકારી ૩૦ ઑગસ્ટથી બે વર્ષ માટે આ હોદ્દા પર રહેશે. અત્યાર અગાઉ પી કે સિંહા કેબિનેટ સચિવ હતા જે આ હોદ્દા પર છેલ્લાં ચાર વર્ષથી સક્રિય રહ્યા બાદ એક્સટેન્શન પર કામ કરી રહ્યા હતા.

એલ.પી. નેવલ એન્ડ એંજીનીયરિગ લીમીટેડ
(સિદ્ધી વિનાયક શિપીંગ કોરપોરેશન લીમીટેડ નામે ઓળખાય છે)
CIN: L35111GJ2012PLC068922
રજીસ્ટર્ડ ઓફિસ: ઓફિસ બ્લોક પહેલો માળ પ્લોટ.નં ૨૩૭/૨ અને ૩ સબ પ્લોટ નં એ/૨૫ સેન્ટ્રલ પાર્ક સોસાયટી. જી.આઈ.ડી.સી પાંદેસરા,સુરત-૩૯૪૨૨૧,ગુજરાત.
ઈમેલ: cs@lpnaval.com, વેબ સાઈટ.www.lpnaval.com, ફો.: ૦૨૬૧-૨૮૯૪૪૧૫ Fax નં૦૨૬૧-૨૮૯૪૪૧૯

એજીએમ નોટીસ

આથી એલ. પી. નેવલ એન્ડ એન્જીનિરીંગ લીમીટેડ ના સભ્યોને ૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ આપવામાં આવે છે. જે મંગળવાર,૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ ઓફિસ બ્લોક, પહેલો માળ,પ્લોટનં ૨૩૭/૨ એન્ડ ૩ સબ પ્લોટ નં એ/૨૫ સેન્ટ્રલ પાર્ક સોસાયટી.જી.આઈ.ડી. સી પાંદેસરા, સુરત-૩૯૪૨૨૧, ગુજરાત ખાતે એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવા માટે મળશે.

ઈ- વોટીંગ અને બુક કલોઝર નોટીસ

કંપનીની તમામ શેર હોલ્ડરોને જણાવવાનુ કે સભ્યોની નોંધણીની કાર્યવાહી બુધવાર,૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજથી મંગળવાર,૨૪મી સપ્ટેમ્બર,૨૦૧૯ ના રોજ (બન્ને દિવસ સહિત) એજીએમના હેતુ સારૂ બંધ રહેશે.ઈ-વોટીંગ માટે કટ ઓફ ડેટ ૧૭મી સપ્ટેમ્બર,૨૦૧૯ છે.
તમામ સભ્યો ને જણાવવાનું કે :

૧. એજીએમની નોટીસની ઈલેક્ટ્રોનીક કોપી તથા વાર્ષિક અહેવાલ જેમના ડિપોઝીટરી પાર્ટીશીપન્સ/કંપનીમાં ઈ-મેઈલ આઈડી નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવ્યા છે અને તે જ કંપનીની વેબસાઇટ www.lpnaval.com.પર પણ મળશે. એજીએમની નોટીસની ફીઝીકલી કોપી મોકલવાની કાર્યવાહી પુરી કરવામાં આવી છે.
૨. જે સભ્યો ફીઝીકલ અથવા તો ડીમેટેલાઇઝડ શેર્સ કટ ઓફ ડેટ તા.૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં ધરાવતા હોય તેઓ એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણે ઇલેક્ટ્રોનીકલી રીતે મત આપી શકશે. ઇલેક્ટ્રોનીક મત આપવા માટે સીડીએસએલએ મારફતે એજીએમના સ્થળ સિવાયના સ્થળેથી ("રીમોટ ઈ-વોટીંગ") થી મતદાન કરી શકશે જે અંગે દરેક સભ્યોને જણાવવાનું કે:
૧. એજીએમની નોટીસમાં જણાવ્યાં પ્રમાણે સામાન્ય અને ખાસ કાર્યવાહી ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી મતદાનની કામગીરી થઈ શકે છે.
૨. રીમોટ ઈ-વોટીંગ શનિવાર ૨૧મી સપ્ટેમ્બર,૨૦૧૯ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યાથી ચાલુ થશે.
૩. રીમોટ ઈ-વોટીંગ સોમવાર ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સાંજે ૧૭.૦૦ વાગે પુરુ થશે.
૪. કટ ઓફ ડેટ તા.૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ ની તારીખ સુધીમાં નોંધાયેલા સભ્યો જ ઇલેક્ટ્રોનીક અથવા તો એજીએમમાં મતદાન કરી શકશે.
૫. કંપનીની એજીએમની નોટીસની વહેંચણી થઈ ગયા બાદ કોઈ વ્યક્તિએ શેર કટ ઓફ ડેટ એટલે તા.૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં ધારણ કર્યા હશે તેઓ આઈડી અને પાસવર્ડ મેળવવા માટે ઈ-મેઈલ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલવાથી મેળવી શકશે. તેમ છતા કોઈ વ્યક્તિ ઈ-વોટીંગ માટે પહેલાથી સીડીએસએલમાં રજીસ્ટર્ડ હોય તે તેમનો આઇ ડી અને પાસવર્ડ મતદ